ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ગાંધીનગરમાં વાવાઝોડાના વાવડ વચ્ચે વાતાવરણમાં પલ્ટો

## વાવાઝોડાની અસર વચ્ચે સાંજના સમયે આકાશી નઝારો બદલાયો : દિવસ દરમિયાન અસહ્ય તાપ : મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં આજે સાંજે વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. તૌકતે વાવાઝોડાના ખતરા વચ્ચે ઠંડક જોવા મળી હતી પરંતુ દિવસ દરમિયાન અસહ્ય ગરમી રહી હતી. દિવસનુ મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી રહ્યુ હતુ જયારે સાંજના સમયે અચાનક જ આકાશી નઝારો બદલાયો હતો.



ગુજરાત પર મંડરાયેલા તૌકતે વાવાઝોડાના ખતરા વચ્ચે આજે મોસમનો મિજાજ ફરી એકવાર બદલાયો હતો. દિવસ દરમિયાનની અસહ્ય તાપ બાદ સાંજના સમયે અચાનક જ આકાશમાં વાદળો ઘેરાયા હતા. જયારે ધુળિયા વાતાવરણ વચ્ચે સાંજના સમયે મોસમનો નઝારો બદલાયો હતો.

ગુજરાતમાં મોસમનો નઝારો બદલાયો હતો. શહેરમાં એકબાજુ હવામાનમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. જયારે વાતાવરણ પલ્ટા વચ્ચે ગરમીનો પારો પણ ઉંચકાયો હતો. બપોરના આકરા તાપ બાદ શહેરમાં સાંજના સમયે વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. પવનના સુસવાટા સાથે ધુળની ડમરીઓ ઉડતા થોડીવાર માટે વાતાવરણ ધુળિયુ બની ગયુ હતુ.

ગાંધીનગરમાં ગત મહીના દરમિયાન પણ વારંવાર વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. સતત વાતાવરણ પલ્ટા વચ્ચે પણ શહેરમાં ગરમીનુ જોર યથાવત રહ્યુ હતુ. આજે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે શહેરમાં સાંજના સમયે વાતાવરણમાં પ્રમાણમાં

જો કે થોડીવારના વાતાવરણ પલ્ટા સાથે મોસમમાં કોઈ ખાસ બદલાવ જોવા મળ્યો ન હતો. તૌકતે વાવાઝોડના ખતરા વચ્ચે નગરમાં સર્જાયેલો મોસમ પલ્ટો ચર્ચા સ્થાને રહ્યો હતો. શહેરમાં વારંવાર વાતાવરણ પલ્ટો જોવા મળે છે. પરંતુ ગરમીનો મિજાજ યથાવત છે. આકરી ગરમીથી જનજીવન પ્રભાવિત છે. ગઈકાલની સાપેક્ષમાં આજે ગરમીનો પારો પણ ઉંચકાયો હતો. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧.૨ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે દિવસ દરમિયાન ગરમીનો પારો ૪૨ ડીગ્રીએ રહ્યો હતો જેના લીધે નગરજનોએ અસહ્ય ગરમી અનુભવી હતી. જયારે સાંજના સમયે આકાશી નઝારો બદલાયો હતો.

# જિલ્લામાં સંક્રમણ ઘટ્યુ : નવા ૨૧૧ કેસ

## દહેગામમાં ૪૩, ગાંધીનગરમાં ૩૪, કલોલમાં ૧૭, માણસામાં ૨૬ કેસ : શહેરમાં સે. ૩ માંથી ૧૦, સે. ૨ માંથી ૮, સરગાસણ-વાવોલમાં ૭-૭, સે. ૧૯, ૨૪, ૨૬, કુડાસણમાં ૫-૫ કેસ, સે. ૩૦, રાંદેસણ, રાયસણમાં ૪-૪ કેસ : સારવાર દરમ્યાન ગ્રામ્યના ૨ અને શહેરના એક દર્દીનું મોત થયું

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ધીમી ગતિએ ઘટી રહ્યું છે. જિલ્લામાં આજે નવા ૨૧૧ કેસ નોંધાયા છે, જ્યારે કોરોનામાંથી રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓ ૨૬૦ છે.

જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૦ અને ગાંધીનગર શહેરમાં ૯૧ કેસ નોંધાયા છે. જિલ્લામાં સંક્રમણ ઘટતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. જો કે જિલ્લામાં સારવાર દરમ્યાન વધુ ૩ દર્દીના મોત થયા છે. જેમાં બે દર્દી ગ્રામ્ય વિસ્તારના અને એક દર્દી ગાંધીનગર શહેરનો હોવાનું જાણવા મળેલ છે.

મહાનગરપાલિકાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે શહેરના વિવિધ સ્મશાનગૃહોમાં આજે ૧૬ મૃતકોની અંતિમવિધિ કોરોના ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મૃતકોની સંખ્યા વધુ હોવાની વાતો હવે છુપી રહી નથી જો કે તંત્ર દ્વારા આ બાબતે મૌન સેવવામાં આવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ સ્થિર થયુ છે અને કેસોમાં ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૨ કેસ નોંધાયાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં નવા-જુના ગામોમાંથી સંક્રમણના કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ વધતી જોવા મળી રહી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૪૩, ગાંધીનગરમાં ૩૪, કલોલમાં ૧૭ અને માણસામાં ૨૬ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૨ ખેડૂત, ૨૭ નાના વેપારીઓ, ૫૧ મહિલા દર્દી, ૮ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૧૨ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાં આજે જિલ્લાના સૌથી વધુ કેસ ૪૩ નોંધાયા છે. તાલુકામાં નાના અને અંતરિયાળ ગામોમાંથી કેસ મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા અને દોડધામ વધી જવા પામેલ છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી આજે પાંચ કેસ મળી આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં શીયાવાડા ગામેથી ૪ કેસ, કોદરાલી, પાલુન્દ્રા, ઉદણ, ચેખલાપગી, નાંદોલમાંથી ૩-૩ કેસ, અરજણજીના મુવાડા અને કેશરાજીની મુવાડી ગામેથી ૨-૨ કેસ તેમજ બહિયલ, હિલોલ, કનીપુર, ગુડીયાની મુવાડી, પાવઠી, લિહોડા, ઠાકોરના મોસમપુર, ભુતેશ્વરી, ચીસકારી, હરખજીના મુવાડા, ધારીસણા, પાટનાકુવા, બાદલપુરા, ખાનપુર, સાંપાથી પણ કેસો મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે વધુ ૩૪ કેસ નોંધાયા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળતાં તંત્રની ચિંતા વધી છે. જો કે તાલુકામાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રૂપાલ ગામેથી આજે વધુ ૧૪ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત વાસણ ગામેથી ૬, ડભોડામાંથી ૩, સરઢવમાંથી ૨ તેમજ સાદરા, પુંધરાસણ, મોટી આદરજ, લવારપુર, સોનીપુર, આલમપુર, ઉનાવા, અડાલજ અને વાંકાનેરડા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં આજે નવા ૧૭ કેસ મળી આવતાં તંત્રએ થોડોક હાશકારો અનુભવ્યો છે. તાલુકામાં શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

કલોલ અર્બનમાંથી આજે પાંચ કેસ નવા મળી આવ્યા છે. જેમાં અર્બન-૧ વિસ્તારમાંથી એક અને અર્બન-૨ વિસ્તારમાંથી ૪ કેસ મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં પાનસરમાંથી ૪, સઈજમાંથી ૨ તેમજ ધાનજ, જાસપુર, સબાલપુર, છત્રાલ, ડિંગુચા, આરસોડિયા ગામેથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાંથી ૨૬ કેસ આજે નોંધાયા છે. માણસા અર્બનમાંથી ૭ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં રાજપુરામાંથી ૩, બિલોદરા, લોદરા, બાલવા, દેલવાડામાંથી ૨-૨ કેસ તેમજ ઈટાદરા, અર્જુનપુરા, અનોડિયા, દોલીપાલ, ચાંદીસણા, બદપુરા, માણેકપુર, વ્યાસપાલડી ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૮૨૨૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૫૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૦૨૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના સંક્રમણમાં સતત ઘટાડો નોંધાતો હોવાથી મનપાના તંત્રએ હાશકારો જરૂર અનુભવ્યો છે. શહેરમાં આજે નવા ૯૧ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે નોંધાયેલા ૯૧ કેસમાં ૫૭ કેસ સેક્ટરોમાં તેમજ ૩૪ કેસ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાંથી મળી આવ્યા છે. કોરોના માટે સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યાં છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૬ દર્દી ૬૦ થી વધુ વયના છે તેમજ ૩૧ મહિલા દર્દી અને ૨ દર્દી ૨૦ થી ઓછી વય ધરાવતા મળી આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૩, માં ૧૦, સે. ૨ માં ૮, સે. ૧૯, ૨૪, ૨૬ માંથી ૫-૫ કેસ, સે. ૩૦ માંથી ૪ કેસ, સે. ૪ માંથી ૩ કેસ, સે. ૫, ૧૧, ૧૬, ૨૩ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૭, ૮, ૧૨, ૧૩, ૧૪, ૧૭, ૨૨, ૨૫, ૩-એ-ન્યુમાંથી પણ કેસ મળી આવેલ છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાંથી આજે સરગાસણ-વાવોલમાંથી ૭-૭ કેસ, કુડાસણમાંથી ૫, રાંદેસણ, રાયસણમાંથી ૪-૪ કેસ, જીઈબી અને પેથાપુરમાંથી ૨-૨ કેસ તેમજ બોરીજ, ઈન્ફોસીટી અને કોલવડામાંથી પણ કેસ મળી આવેલ છે. ગાંધીનગર શહેરમાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યો છે. શહેરમાં આજે વધુ ૧૪૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં નોંધાયેલ એક દર્દીનું સારવાર દરમ્યાન અવસાન થયુ છે.

શહેરમાં હાલ ૧ હજારથી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૮ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

## જિલ્લામાં ૨૪ કેન્દ્રો અને શહેરમાં પાંચ કેન્દ્રો પર સોમવારથી રસીકરણ થશે

શુક્ર, શનિ અને રવિવારની રજા બાદ સોમવારથી જિલ્લામાં કોરોના વેક્સિનેશન કાર્યક્રમ પુનઃ શરૂ થશે. શહેરમાં હાલ ૧૮+ના યુવાઓને વેક્સિનેશન હેઠળ આવરી લેવાનું કામ આ ત્રણ રજાઓ દરમ્યાન પણ ચાલુ રખાયુ હતુ.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકારે કોરોના વેક્સિનેશન અભિયાનને કરેલા રિશિડ્યુલ્ડ કાર્યક્રમ મુજબ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને મનપાના પાંચ કેન્દ્રો પર અભિયાન ચલાવવા માટે હાલ મંજૂરી આપી છે.

## છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૦ ડિસ્ચાર્જ

## રાજ્યના બે મંત્રીઓ આજે શહેરમાં કોરોનાની સ્થિતિની સમીક્ષા માટે આવશે

ગાંધીનગર મહાનગરપાલિકામાં કોરોનાની સ્થિતિ તેમજ મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ અભિયાન અંતર્ગત રાજ્યના બે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા અને દિલીપભાઈ ઠાકોર આજે મનપાની મુલાકાતે આવશે.

તેમનો વિગતવાર કાર્યક્રમ તૈયાર થઈ રહ્યો હોવાનું જાણવા મળેલ છે. આ બન્ને મંત્રીઓ મનપાની કચેરીએ સવારે ૧૦ વાગે પહોંચશે અને કમિશનર, ડે. મ્યુનિ. કમિશનર તેમજ આરોગ્યના અધિકારીઓ સાથે કોવિડ-૧૯ની સ્થિતિને લઈ વિગતે સમીક્ષા કરશે.

આ બન્ને મંત્રીઓ સિવિલ હોસ્પિટલ તેમજ કોવિડ કેર સેન્ટરની પણ મુલાકાત લેશે તેમ મનાઈ રહ્યુ છે. ગાંધીનગર મનપામાં પહેલીવાર રાજ્યમંત્રી મંડળના બે સભ્યો કોરોનાની સ્થિતિની સમીક્ષા માટે આવી રહ્યા છે. તંત્ર દ્વારા આ અંગે પાવર પોઈંટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

# ગુજરાતના જાણીતા નાટ્યકાર અને લેખક ભરત દવેનું નિધન

ગાંધીનગર,તા.૧૫

ગુજરાતના જાણીતા નાટ્યકાર અને લેખક ભરત દવેનું નિધન થયુ છે. તેમણે ગુજરાતના કલાસંસ્કૃતિ ક્ષેત્રે આપેલું યોગદાન અતિમૂલ્યવાન રહ્યુ છે. તેમને ૧૯૯૦માં રંગભૂમિ પર કરેલા તેમના પ્રદાન માટે ગુજરાત સરકારે ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરેલા. તેમની એક જાણીતી ટેલિવિઝન શ્રેણી ભલા ભૂસાના ભેદભરમ અને નાટક માનવીની ભવાઈ માટે ક્રિટિક્સ સંધાન એવર્ડ મળેલો.

ઈસરો તરફથી પાણી બચાવો નામની એકવીસ સેકંડની વીડિયો સ્પોટ માટે કેરળ ખાતે આંતરરાષ્ટ્રીય વિકાસલક્ષી ફિલ્મ ફેસ્ટિવલમાં દ્વિતીય પારિતોષિક મળેલું. પ્રતિષ્ઠિત કુમાર સામાયિકમાં છપાતી લેખમાળા ચળવળ નામે નાટક માટે તેમને ૨૦૧૬નો કુમાર સુવર્ણચંદ્રક તેમના પુસ્તક વાસ્વવાદી નાટક માટે સુરતની નર્મદ ગુજરાતી સભા તરફથી ૨૦૧૨થી ૨૦૧૬ના સમયગાળાનો નર્મદ ચંદ્રક જાહેર થયેલા છે. ગુજરાતી સાહિત્ય પરિષદે નાટ્યકલા પરના તેમના બે પુસ્તકોને પારિતોષિકો આપીને સન્માનિત કર્યા છે. ગુજરાત સાહિત્ય અકાદમીએ પણ તેમના પુસ્તક મહાન પાશ્ચાત્ય ચિંતકોને પુરસ્કૃત કર્યુ છે.


## ટેલિફોનિક બેસણું



**જીવાજી લાલજી તબિયાર** (નિવૃત્ત નાયબ સેક્શન અધિકારી) તા. ૧૨/૫/૨૦૨૧, બુધવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના...

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્દગતનું બારમું (કારજ), બેસણું તથા લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**ટેલિફોનિક બેસણું તા. ૧૭/૫/૨૦૨૧ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન રાખેલ છે.**

સ્મિતાબેન જીવાજી તબિયાર — અનીલા નીલેશ તબિયાર
નીલેશ જીવાજી તબિયાર — હેત નીલેશ તબિયાર
મો. ૭૯૮૪૫૮૦૨૮૮
સેક્ટર-૪/બી, ગાંધીનગર


## ‘‘રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ’’

### રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ

- ડેન્ગ્યુ એ મચ્છરથી ફેલાતો વાહકજન્ય રોગ છે.
- આ રોગના મચ્છરો ચોખ્ખા બંધીયાર અને ખુલ્લા પાણીમાં ઉત્પન થાય છે.
- ડેન્ગ્યુના મચ્છરો પક્ષીકુંજ, કુંડા, ફ્રીઝની ટ્રે, ટાયર, ખુલ્લામાં પડેલો ભંગાર, પાણીના પીપ, બેરલ વિગેરેમાં ઇંડા મુકે છે.
- આ મચ્છરનાં ઇંડા પાણીના પાત્રોમાં પાણી વગર પણ એક વર્ષ સુધી જીવતા રહે છે.
- પાણીનાં તમામ પાત્રો અઠવાડિયામાં એક વખત ખાલી કરી, ઘસીને સાફ કરી તડકે સુકવવા ત્યારબાદ જ તેમાં પાણી ભરવું.
- આપનાં રહેણાંકનાં ભોંયરામાં, ધાબામાં, બગીચામાં, ફુવારામાં, બારીનાં છજામાં વિગેરે જગ્યાએ પાણી સ્થગિત ન થાય તેની કાળજી રાખવી.
- બાંધકામ ચાલુ હોય તેમાં તથા તેની આજુબાજુના વિસ્તારોમાં, મજૂરોના રહેણાંક બનાવ્યાં હોય તો તે તમામ જગ્યાએ પાણીનો ભરાવો ન થાય તે જોવું. પાણી ભરવું આવશ્યક હોય તો તેમાં અઠવાડિયામાં બે વખત બળેલું ઓઇલ નાખવું.
- શરીર પુરૂ ઢંકાય તેવા કપડા પહેરવા.
- અંગત સુરક્ષા માટેના ઉપાયો કરો (મેટ, કોઇલ, રીપેલન્ટ અને મચ્છરદાનીનો ઉપયોગ કરવો) ઘરના બારી-બારણાં પર મચ્છર જાળી લગાવો.
- ગુજરાત વેક્ટર બોર્ન ડીસીઝ કંટ્રોલ રેગ્યુલેશન ૨૦૧૭ અન્વયે મિલ્કત ધારકનો મિલ્કત/મિલ્કત વિસ્તારમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો પ્રાપ્ત થવા તથા મચ્છર ઉત્પત્તિ સ્થાનો નાબૂદ ના કરવા તે ‘‘રોગચાળા અધિનિયમ ૧૮૯૭’’ હેઠળ ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર ગુનો ગણાશે અને ધારા ધોરણો મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

**મેલેરિયા શાખા જિલ્લા પંચાયત, ગાંધીનગર**

# કોરોના કાબૂમાં આવ્યા બાદ ધો. ૧૨ની પરીક્ષાઓ યોજાશે

## ધો.૧૦માં માસ પ્રમોશન બાદ રાજ્ય સરકારની સ્પષ્ટતા : બારમા ધોરણની પરીક્ષાઓ અંગે નિર્ણય ના લેવાય ત્યાં સુધી કોલેજોમાં એડમિશનની પ્રોસેસ શરુ નહીં થઈ શકે

ગાંધીનગર, તા. ૧૫

સીએમ વિજય રુપાણીએ જાહેરાત કરી છે કે રાજ્યમાં બારમા ધોરણની બોર્ડની પરીક્ષા લેવામાં આવશે. કોરોનાની સ્થિતિ કાબૂમાં આવતા જ પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે તાજેતરમાં જ ધોરણ દસમાં પરીક્ષા લેવાનું મુલત્વી રાખી તમામ વિદ્યાર્થીઓને પાસ કરી દેવાની જાહેરાત કરી હતી. જોકે, આજે સીએમે બારમા ધોરણની પરીક્ષા યોજવામાં આવશે તેવી જાહેરાત કરી માસ પ્રમોશનની અટકળોને હાલ પૂરતી સમાપ્ત કરી દીધી છે.

ગુજરાતમાં ધોરણ ૧થી ૧૧ સુધીના તમામ વિદ્યાર્થીઓને આ વર્ષે માસ પ્રમોશન આપી દેવામાં આવ્યું છે. રાજયમાં અગાઉ સરકારે દસમા ધોરણની અને ૧૨મા ધોરણની પરીક્ષા ૧૦ મેથી ૨૫ મેની વચ્ચે લેવાની જાહેરાત કરી હતી. જોકે, કોરોનાના કેસોમાં માર્ચના અંત સુધીમાં એકાએક મોટો ઉછાળો આવતા દસમા ધોરણની પરીક્ષા રદ્દ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ પરીક્ષામાં ૧૨ લાખ સ્ટૂડન્ટ્સ બેસવાના હતા.

રાજ્યમાં હાલ કોરોનાના કેસ ધીરે-ધીરે ઘટી રહ્યા છે, પરંતુ હજુય ડેઈલી કેસ તેમજ એક્ટિવ કેસનો આંકડો ઘણો ઉંચો છે. વળી, બાળકોમાં પણ કોરોનાનું સંક્રમણ થઈ રહ્યું છે ત્યારે આ વર્ષે સ્કૂલો ખોલીને થોડા જ દિવસોમાં તેને બંધ કરી દેવાની ફરજ પડી હતી. હાલ ચાલી રહેલી બીજી વેવ જુન-જુલાઈ બાદ નબળી પડશે તેવું એક્સપર્ટ્સ માની રહ્યા છે, ત્યારે બારમા ધોરણની બોર્ડની પરીક્ષા ક્યારે યોજાશે તેને લઈને પણ મોટો સવાલ છે.

# રાજ્ય સરકાર મૃત્યુ આંક છુપાવતી નથી : પ્રદીપસિંહ

ગાંધીનગર, તા. ૧૫

ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ રાજ્યના એક અગ્રણી અખબારે ‘‘ગુજરાતમાં મૃત્યુના આંકડા સરકાર છૂપાવે છે. ૭૧ દિવસમાં ૧.૨૩ લાખ ડેથ સર્ટીફીકેટ ઈસ્યુ થયાં’’ એવા પ્રસિદ્ધ કરેલા સમાચારને હકીકતલક્ષી વિગતોથી તદ્દન જુદા અને આધારવિહીન ગણાવ્યા છે.

ગૃહ રાજયમંત્રીએ આ સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે આ અહેવાલમાં મરણ પ્રમાણપત્ર-ડેથ સર્ટીફીકેટને આધાર બનાવીને જે મૃત્યુની સંખ્યા ગણવામાં આવી છે તે યોગ્ય નથી તેમજ તેની સરખામણી કોવિડ-૧૯થી થયેલા મૃત્યુ સાથે કરવામાં આવી છે તે પણ અયોગ્ય છે.

તેમણે આ વિષયે ગાંધીનગરમાં પ્રચાર માધ્યમો સાથેની વાતચીતમાં સ્પષ્ટપણે જણાવ્યું કે ગુજરાતમાં મરણ નોંધણી પ્રમાણપત્ર અને ડેથ સર્ટીફીકેટ ઓનલાઈન આપવાની પારદર્શી પદ્ધતિ વિકસાવવામાં આવેલી છે.

# એસ.ટી.માં મુસાફર પાસની યોજના અન્વયે આવકમાં ૨ કરોડનો ઘટાડો

## એસ ટી બસ સેવા કોરોનાથી વિશેષ પ્રભાવિત ગત વર્ષે રૂ ૩.૩૩ કરોડની આવક થઇ હતી આ વર્ષે માત્ર ૧.૨૧ કરોડ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર એસ ટી ડેપોએ કોરોના કાળમાં આવક ગુમાવી છે. કોરોનાના કપરા સંજોગોમાં આમ નાગરિકો આમ પણ સલામત સવારીનો લાભ લેતા નથી ત્યારે ગાંધીનગર ડેપોને મુસાફર પાસ યોજનામાં પણ મોટી આર્થિક ખોટ વેઠવાનો વારો આવ્યો છે. ગત વર્ષની સાપેક્ષમાં મુસાફર પાસ યોજના અન્વયે ગાંધીનગર ડેપોને આવકમાં રૂ ૨ કરોડની ખોટ ગઈ છે.

ગાંધીનગર એસ ટી ડેપોની આવકમાં ધરખમ ઘટાડો થયો છે. કોરોના કાળમાં છેલ્લો દોઢ વર્ષથી એસ ટી બસના પૈડા ટ્રેક પર વારંવાર ચઢ ઉતર થાય છે. કોરોનાના પ્રારંભિક લોકડાઉન બાદ ગત વર્ષે ચાર મહીનાના અંતે સલામત સવારી દોડતી થઈ હતી જયારે લોકડાઉન બાદ માંડ એસ ટી ના પૈડા ટ્રેક પર દોડતા થયા હતા. કોરોનાની બીજીલહેરે આતંક મચાવતા છેલ્લા દોઢ મહીનાથી એસ ટી ની સલામત સવારી ખાલીખમ જોવા મળે છે. જેના લીધે ગાંધીનગર ડેપોએ પણ તબક્કાવાર બહારગામના રૂટો ઉપરાંત અન્ય શહેરી બસ સેવાના રૂટમાં પણ કાપ મુક્યો છે. આ ઉપરાંત રાત્રિ કરફ્યુનો અમલ ચાલુ હોવાથી રાત્રિના સમયે પણ ગાંધીનગર અમદાવાદ વચ્ચેનો બસ વ્યવ્હાર બંધ છે. છેલ્લા એક વર્ષમાં એસ ટી ની આવકમાં પણ સતત વધઘટ જોવા મળી રહી છે. અગાઉ ગાંધીનગર ડેપોની પ્રતિદિન રૂ ૫ લાખ જેટલી આવક થતી હતી જયારે હાલ માંડ એક લાખ સુધી આંકડો પહોંચે છે. એવી જ રીતે મુસાફર પાસ યોજના અન્વયે પણ ડેપોએ મોટી ખોટ સહન કરવાનો વારો આવ્યો છે. જેમાં ગત વર્ષે ગાંધીનગર ડેપોએ મુસાફર પાસ યોજના અન્વયે રૂ ૩.૩૩ લાખની આવક કરી હતી જયારે આ વર્ષના અંતમાં ડેપોએ માત્ર ૧.૨૧ કરોડની આવક કરી છે. જે ગત વર્ષ કરતા ૬૦ ટકા કરતા પણ વધુ ઓછી છે. અલબત્ત મુસાફર પાસ યોજના અન્વયે ગાંધીનગર ડેપોને માંડ ૩૫ ટકા જ આવક થઈ છે. છેલ્લા ઘણાં સમયથી એસ ટી બસમાં ટ્રાફિક પણ જોવા મળતો નથી. કોરોનાના સંક્રમણથી બચવા માટે આમ નાગરિકો સલામત સવારીમાં બેસવાનુ ટાળી રહ્યા છે. ત્યારે રાત્રિ કરફ્યુ અને સોશિયલ ડીસ્ટન્સીંગ સહીતના અમલ વચ્ચે એસ ટી ની આવકમાં આમ પણ ધરખમ ઘટાડો થયો છે. નોકરીયાત તેમજ અપડાઉન કર્તાઓ પણ પોતાના વાહનોનો વિશેષ ઉપયોગ કરી રહ્યા છે.


FIGHT CORONA
Maunil Shah
M. 90998 72551
Sanitization & Disinfection
સેનેટાઈઝ સર્વિસ
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.
Portable Oxygen Cans Available For Emergency use
All COVID Fight Products Available



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com